મધ્યાહન ભોજન યોજના હેઠળ વાસણો ખરીદવા માટે
" વાસણ ખરીદ સમિતિ " ની રચના કરવા બાબત.

કમિશનરશ્રી, મધ્યાહન ભોજન અને શાળાઓ,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર
ક્રમાંક: મભય-વહટ-ખ-૨૦૦૦ ૨૦૦૧ ૫૬૫૩ ૫૬
તારીખ ૧૮ /૫/૨૦૦૦.

<u>વંચાણે લીધા:-</u> (૧) સરકારશ્રી (શિક્ષણ વિભાગ) નો ઠરાવ ક્રમાંક:મભય ૧૩૯૮-૪૭૧-૨ તારીખ ૧-૫-૨૦૦૦.

(૨) આ કચેરીનો હુકમ ક્રમાંક: મભય-વહટ ખ ૨૦૦૦ ૨૦૦૧-૫૬૫૦-૫૨ તા. ૧૮ /૫/૨૦૦૦.

<u>હુકમ :</u>

સરકારશ્રીએ મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો માટે જરુરીયાત મુજબના વાસણો ખરીદવા માટેની મંજુરી વંચાણે લીધેલા શિક્ષણ વિભાગના તા. ૧-૫ ૨૦૦૦ ના ઠરાવથી આપેલ છે.

આ કચેરીના તારીખ ૧૮ -૫-૨૦૦૦ ના હુકમથી મધ્યાહન ભોજન કેન્દ્રો માટે રસોઈ બનાવવાના કેવા પ્રકારના માપ, સાઈઝ અને ગેજ પ્રમાણેના કેટલા વાસણોની જરુરીયાત રહે છે તેના માપદંડ અને સંખ્યા નકકી કરવા માટે એક અલગ સમિતિની રચના કરવામાં આવેલ છે. સદરહુ સમિતિ દ્વારા નકકી કરવામાં આવે તે માપદંડ પ્રમાણેના જરુરીયાત મુજબના વાસણો ખરીદી કરવા માટે નીચે જણાવ્યા પ્રમાણેના સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવે છે.

| ક્રમ. | હોદ્દો. | સમિતિમાં પદ |
| --- | --- | --- |
| (૧) | કમિશનરશ્રી,<br>મધ્યાહન ભોજન અને શાળાઓ, ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | અધ્યક્ષશ્રી |
| (૨) | નાણા સલાહકારશ્રી, ( શિક્ષણ )<br>નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર. | સભ્ય |

(૩) સંયુક્ત કમિશ્નરશ્રી, — સભ્ય
મધ્યસ્થ સ્ટોર ખરીદ તંત્ર, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

(૪) નાયબ કમિશ્નરશ્રી, — સભ્ય સચિવ
મધ્યાહન ભોજન યોજના, ગાંધીનગર.

ઉપરોક્ત સમિતિએ વખતો વખત બેઠકો બોલાવી સરકારશ્રીના તા.૧–૫–૨૦૦૦ ના ઠરાવ મુજબ વાસણોની ખરીદી કરવા માટે તમામ કાર્યવાહી કરવાની રહેશે.

( તપન રાય )
કમિશ્નર,
મધ્યાહન ભોજન અને શાળાઓ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ નકલ રવાંના જાણ સારુ તથા બેઠક વખતે હાજર રહેવા સારું

સમિતિના સભ્યશ્રીઓ સર્વશ્રી